


## સલામી સવારની..

*કામ ન કંઈ કાજ ખાલી ખોટું ધડક્યા કરે છે*
*હૃદય ગોદામમાં, શ્વાસ ના ઢગ, ખડક્યા કરે છે*
*ભટક્યા કરે છે નાહક દવા-ગોળીના ભડાકાથી -*
*છોડી દીધો ભરોસો છતાં ય થડક્યા કરે છે.*

હાઈકુ

*આપતો નથી,*
*એ કારણ વગર -*
*મરણ પણ...*
*(કંજૂસ કૃપાનિધિ)*

*માગો મળે ના,*
*પણ ન માગો તો એ*
*દોડતું આવે !!*
*(વિચિત્ર વિધાન)*

### ચિંતન

**મૂક: પરાપવાદે પરદારનિરીક્ષણેऽ વ્યન્ધ: ।**
**પંગુ: પરધનહરણે સ જયતિ લોકત્રયે પુરુષ: ॥**

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**પારકાની નિંદા કરવામાં જે મુંગો છે, પારકાની સ્ત્રીને જોવામાં જ આંધળો છે અને પારકાનું ધન હરવામાં જે પાંગળો છે, તે સજ્જન ત્રણે લોકમાં વિજય પામે છે.**

**કોઈની પણ નિંદા ન કરવી, બધા ના માત્ર સદ્ગુણનું નિરીક્ષણ કરવું અ અપનાવવા.**

**પર-સ્ત્રી ને કુદૃષ્ટિથી જોવી જ નહીં એ બાબતમાં 'અંધજન' બની જવું**

**પારકાનું ધન હરવામાં વ્યક્તિએ અપંગ અશક્ત બની જવું...**

**આ સજ્જનના લક્ષણ છે એને કારણે વ્યક્તિ સમાજમાં પૂજનીય સ્થાન પ્રાપ્ત કરે છે.**

### સુવિચાર

- જબ નજારે થે તો આંખો કો નહીં થી પરવા,
  અબ ઈન્હીં આંખો ને ચાહા તો નજારે નહીં થે - **ઝફર ઈકબાલ**
- બેસે હાથ કપાળ દઈ, શ્રમનો નહીં સુહાગ...
  વ્યસની સઘળા કેફનો, તેનો કરવો ત્યાગ - **દુલાભાયા કાગ**
- સહસ્ત્ર ડૂબકીયાં, મૈંલઈ, મોતી લગા ન હાથ, સાગર કા દોષ હૈ, ભાગ્ય ન મેરે સાથ - **જનકલ્યાણ**
- જે જાતને વશ કરી શકે તેણે બીજાને વશ કરવાની જરૂર રહેતી નથી - **ડો. જિતેન્દ્ર અઢિયા**
- માણસ બે સસલાંની પાછળ દોડે તો એક સસલું પણ મળતું નથી - **જાપાની કહેવત**
- ભૂખ તો આકાસ જેટલી મોટી છે પણ ગળું સાથેના કાણા જેટલું નાનું છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : પપૈયાના ગરને મધ સાથે મુલતાની માટીમાં મિક્સ કરી પેસ્ટ બનાવી ચહેરા પર લગાડી ત્રીસ મીનીટ રાખી ચહેરો ધોઈ નાખવાથી ચહેરો નિકળી ઉઠે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રામકૃષ્ણ પરમહંસ પાસે એક દાનવીર હજાર સોના મહોરો દાનમાં આપવા આવ્યો. પરમહંસે કહ્યું, 'આનું હું શું કરું ? આ કોમ સાચવશે ? તું એક કામ કર. આ થેલી લઈને ગંગામાં નાખી દે, મેં તારી ભેટ નો સ્વીકાર કર્યો છે અને હવે એ ભેટ મારી થઈ ગઈ, હું એનું જે કરું, પણ મારા વતી તું ગંગા કિનારે જઈ ગંગામાં ફેંકી આવ. મારું આટલું કામ કર.'

દાનવીર દુ:ખી મને ગંગા કિનારે ગયો. ઘણીવાર થઈ ગઈ પાછો ન આવ્યો, એટલે પરમહંસે એના શિષ્યને કહ્યું, 'જુઓ પેલા દાનવીરનું શું થયું. થેલી ગંગા કિનારે મૂકીને પોતે જ ગંગામાં ડૂબ્યો નથી ને ? જાઓ તપાસ કરો.'

શિષ્ય કિનારે પહોંચ્યા અને જોયું કે દાનવીર એક-એક સોના મહોર ગણી ગણીને ગંગામાં ફેંકી રહ્યો હતો એની આસપાસ ભીડ ભેગી થઈ રહી હતી. શિષ્યે કહ્યું, 'સોના મહોરો નાખો ગંગામાં અને ગુરુદેવ તમને બોલાવે છે.'

પરમહંસે દાનવીરને કહ્યું, 'આ પાગલ, એકઠું કરતી વખતે ગણવામાં આવે તો ઠીક ગણાય... સમજી શકાય... પણ ફેંકી દેવામાં શું ગણવાનું ? એક સાથે થેલી જ પધરાવી ન દેવાય ?'

આપણો ત્યાગ આવો હોય છે, ગણતરી કરીને થયેલા ત્યાગની રીત ઘણી લાંબી થઈ જાય છે. છોડવું જ હોય તો તત્કાળ તત્ક્ષણ છોડો.

# નિશાનચૂક માફ નહીં માફ નીચું નિશાન

તંત્રીસ્થાનેથી...

એસ એસ સી અને એચ એસ સીની બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે ત્યારે સ્વાભાવિક છે કે બાકીની બધી જ બાબતો કરતાં આ નિર્ણાયક ગણાવી પરીક્ષાઓ આપનારા આપણા તરુણ વિદ્યાર્થીઓ જ કેન્દ્ર સ્થાને આવી જાય. આવા વિદ્યાર્થીઓની માનસિકતા અને એમના પરિવારની વ્યગ્રતાનો પણ અહેસાસ થાય. આખરે કારકિર્દીના આગળના પડાવ સુધી પહોંચવા માટે આ બોર્ડની પરીક્ષાનો ઉંબરો ઓળંગવો જ પડતો હોય છે. લાડકોડમાં ઊછરેલાં બાળકો આ પરીક્ષાનાં વર્ષો દરમિયાન એમનાં કુદરતી વયસહજ વલણોને દબાવી, ચોટી બાંધીને ભણવામાં પરોવાઈ જતાં હોય છે. આપણી આ શિક્ષણ પદ્ધતિ એક ભયંકર ત્રાસજનક પરંપરા છે. આખી દુનિયામાં એનો વધતા ઓછા અંશે સ્વીકાર થયેલ હોઈ આપણે આપણા જ બાળખો પર આ પિશાચી ક્રૂરતા આચરવા મજબૂર થઈ જતા હોઈએ છીએ. બાળકો પણ વધુ ને વધુ ગુણ મેળવવા રાતદિવસ એક કરી મૂકે છે. એમને આપણે પેલા મહાભારતવાળા અર્જુનની માફક પક્ષીની આંખ જ દેખાવી જોઈએ - એવી દબાણયુક્ત અપેક્ષા સાથે ભારે તણાવભરી સ્થિતિમાં ધકેલી દેતા હોઈએ છીએ. આપણી પાસે બીજો વિકલ્પ જ કયાં હોય છે ? સ્પર્ધાનો જમાનો છે, બધા જ દોડી રહ્યા છે એટલે આપણા લાડકા બાળકને ઈચ્છા ન હોય તોય એમની સાથે દોડવું તો પડશે જ. જો એ આવી ઉંદરદોડમાં સામેલ નહીં થાય તો બિચારું એકલું પડી જશે અને આગળ ઉપરની એની કારકિર્દી જોખમાઈ જશે; આ પ્રકારની માનસિકતા જ માતાપિતાને પોતાનાં વહાલ સોયાં બાળકોને પેટે પાટા બાંધી મોંઘીદાટ ફાઈવ સ્ટાર શાળાઓમાં મૂકવા પ્રેરે છે. આવી શાળાઓના સંચાલકો વિદ્યાક્ષેત્રને વેપાર વાણિજ્યનું ક્ષેત્ર બનાવી ચૂક્યા છે. સરકાર પણ એમની બેફામ લૂંટ પર લગામ કસી શકતી નથી. વાલીઓ પોતાનાં બાળકોને ઉત્તમોત્તમ શિક્ષણ અપાવી એમનું ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે કોઈ પણ ભોગ આપવા તૈયાર થઈ જાય છે. હજી પણ પોતાના બાળકને ડૉક્ટર કે ઈજનેર બનાવવાની ઘેલછા અકબંધ છે. એ માટે ગજા બહારનો ખર્ચ કરવા પણ વાલીઓ તૈયાર થઈ જતા હોય છે. આ તમામ વિદ્યાર્થીઓનાં માથામાં કાચી કુમળી વયે જ પ્રચંડ સ્ટ્રેસ સરજાય છે, એથી થનાર નુકશાનનો તો કોઈએ અંદાજ કાઢ્યો જ નથી. ખરું પૂછો તો બાળકને પરીક્ષાનો હાઉ બતાવ્યા વગર સ્વાભાવિક ક્રમમાં જ આગળ વધવાની અને પોતાની પસંદગીની, રુચિની વિદ્યાશાખામાં કારકિર્દી બનાવવાની તક મળવી જોઈએ. આજે નહીં તો પાંચ-દસ વર્ષ પછી પણ આ પ્રકારની તણાવયુક્ત પરીક્ષા પદ્ધતિ અને કેવળણીનો વિચાર અમલમાં મૂકવો જ પડશે. દુનિયાના વિકસિત દેશોમાં આવી વિચારણા શરુ થઈ ચૂકી છે. આપણાં બાળકો જ આપણું બલક સમસ્ત માનવજાતનું ભવિષ્ય છે. એમની પાસેથી કારકિર્દીના બહાને એમનું બાળપણ ખૂંચવી લેવું એ તો જઘન્ય અપરાધ ગણાવો જોઈએ. જો કે આવા ચીલાચાલુ પ્રવાહમાં આપણને એ અપરાધ એમના વાલીઓ તરીકેની પવિત્ર ફરજ લાગે છે. આપણે અત્યારે તો એ ફરજ કુશળતાપૂર્વક નિભાવી રહ્યા છીએ એટલે વિદ્યાની અધિષ્ઠાત્રી સરસ્વતી એ નિર્દોષ સ્વપ્નશીલ કિશોરોને એમની કારકિર્દીનાં સપનાં સિદ્ધ કરવા કૃપાવૃષ્ટિ કરે એ જ પ્રાર્થના કરીએ. છતાં એ ન ભૂલીએ કે ગુણાંકન કે પ્રમાણપત્ર એ જ આપણાં બાળકોનાં અંતિમ લક્ષ્ય ન હોવાં જોઈએ. એમનું અંતિમ લક્ષ્ય તો ઊંચાં નિશાન તાકવાનું જ હોવું ઘટે. મધ્યમ કક્ષાનો વિદ્યાર્થી દૃઢ સંકલ્પ બળથી ભારતનો વડાપ્રધાન બની શકે અને મેટ્રિકની પરીક્ષામાં ત્રણ વાર ફેલ થનાર વિદ્યાર્થી વિશ્વવંદ્ય મોરારિ બાપુ બની શકે છે તે ન ભૂલીએ.

# પારિવારીક અદાલતો (ફેમીલી કોર્ટ)ની કાર્યરીતી




ફેમીલી કોર્ટનો વિચાર અમેરીકામાં ઉદ્ભવેલ અને ભારતમાં લૉ કમિશને તેમના ૫૯ માં રીપોર્ટમાં ફેમીલી અદાલતો સ્થાપવાની ભલામણ કેન્દ્ર સરકારને કરેલ હતી. જાપાનમાં ૧૯૪૮ થી ફેમીલી કોર્ટો અમલમાં છે. જેમ જેમ હિન્દુ કાયદાઓમાં સુધારા થતા ગયા, નવા નવા કાયદાનો અમલ શરૂ કરવામાં આવ્યો તેમ તેમ કોર્ટોમાં કેસોનો ભરાવો વધતો ગયો તેમજ ન્યાય મેળવવામાં વિલંબ થતો ગયો. આના ઉકેલ માટે ફેમીલી કોર્ટની સ્થાપના કરવામાં આવી ''ઝડપી ન્યાય ત્વરીત ઉકેલ ના કોઈની હાર ના કોઈની જીત' આ ઉદ્દેશ સિધ્ધ કરવાના ઉદ્દેશ સાથે પતિ પત્નીના ઝઘડાઓ, છૂટાછેડા, ભરણપોષણ, બાળકોનો કબજો વિગેરે પ્રશ્નોનો સમાધાનથી, સહમતીથી ઝડપી ઉકેલ લાવી બન્ને પક્ષકારોને ન્યાય અપાવાના ઉમદા હેતુસર ફેમીલી કોર્ટ ભારતમાં શરૂ કરવામાં આવી.

હિન્દુ કુટુંબોએ એક એકમ છે તેમાં વસનાર સભ્યોમાં પરસ્પર વિશ્વાસ, સંપ, કાયમ ટકી રહે તે ઈચ્છનીય છે. કુટુંબમાં કોઈ પણ પ્રશ્ન ઉદ્ભવે તો શાંતી જોખમાય છે. કાયદાના નિર્ણયનો સમાજ જીવન ઉપર ઉંડો પ્રભાવ છે. સમાજના આમ નાગરિક ન્યાયપાલીકાને ન્યાયમંદિર અને ન્યાયાધીશને ભગવાનનો દરજ્જો આપે છે.

કેન્દ્રએ રાજયોના તમામ જીલ્લાઓમાં ફેમીલી કોર્ટ સ્થાપવાનો આદેશ કરેલ છે, પરંતુ તમામ જીલ્લાઓએ તેનું પાલન કરેલ નથી. ઉલટાનું ફેમીલી કોર્ટોનું કામ ડિસ્ટ્રીકટ જજને સોંપી દીધું છે. પરિણામે કેસોમાં ન્યાય મેળવવામાં વિલંબ થાય છે અને સામાન્ય દિવાની અદાલતો જેટલો સમય લાગે છે.

લગ્ન છૂટાછેડા, વાલીપણું, બાળકના ભરણપોષણ અને લગ્નસાથીની મીલ્કતના પ્રશ્નોના ત્વરીત ઉકેલ માટે ફેમીલી કોર્ટસ એકટ-૧૯૮૪ થી કાયદો અમલમાં લાવી ફેમીલી કોર્ટ જીલ્લાવાર શરૂ કરવામાં આવી.

જયારે સમજણ અને સમાધાનની ફોર્મ્યુલા નિષ્ફળ જાય તો જ ફેમીલી કોર્ટ કેસ ચલાવી પુરાવાના આધારે ચુકાદો આપે છે. ગુજરાતમાં ૧૦/૧/૨૦૦૦ ના રોજ ગુજરાત હાઈકોર્ટના બિલ્ડીંગમાં ચાર પારિવારીક અદાલતોની શરૂઆત કરવામાં આવેલ જેમાં (૧) છૂટાછેડાના દાવા (૨) લગ્ન રદ બાતલ ઠરાવવાના દાવા (૩) લગ્ન હક્ક પુનઃ સ્થાપન માટેના દાવા (૪) ન્યાયીક વિયોજન માટેના દાવા (૫) લગ્નના સ્થાપન માટેનો દાવો (૬) પતિ પત્નિ વચ્ચે મીલ્કતની તકરારનો દાવો (૭) ભરણપોષણનો દાવો (૮) વાલીપણા માટેની અરજી (૯) સગીરનો કબજો મેળવવાની અરજ (૧૦) પતિ અથવા પત્ની સામે મનાઈ હુકમના દાવા (૧૧) કોઈ વ્યક્તિની અનૈરક્ષતાના સ્થાપન માટેની અરજી વિગેરે પ્રશ્નોના નિરાકરણ ઝડપી સરળ અને સમાધાનથી લાવવા માટે ફેમીલી કોર્ટની સ્થાપનાનો ઉદ્દેશ સમાયેલ પરંતુ સમાધાન ના થાય તેવી અરજમાં જવાબ, પુરાવા, હક્કિત, તપાસ, ઉલટ તપાસ, દલીલોમાં યેનેકન પ્રકારે સમય પસાર કરી ટેકનિકલ બાબતોનો લાભ મોટા ભાગે પુરૂષ વર્ગ તરફથી લેવાતો હોય છે.

- ફેમીલી કોર્ટ એકટની કલમ ૧૦(૩) મુજબ કાયદાના ઝટીલ, ટેકનિકલ પ્રશ્નોના ઉકેલ માટે વકિલ રોકી ન્યાય મેળવી શકાય છે
- પરણિત સ્ત્રી પતિના ઘરે લગ્ન બાદ રહેવા આવે તો તેને મેટ્રોમોનીઅલ હોર્મ ગણાય છે લગ્ન થવાથી પતિના રહેઠાણની માલીકી સ્ત્રીની થઈ જતી નથી માત્ર રહેવાનો હુકમ જ ફેમીલી કોર્ટ કરી શકે છે માલીકીપણા માટે અલગથી સીવીલ કોર્ટમાં દાદ માંગવી પડે છે.

પતિ પત્ની વચ્ચેની તકરારના પરિણામે કોઈ ફોજદારી ગુન્હો બને તો આવા કેસો માત્ર ફોજદારી કોર્ટ જ ચલાવી શકશે. દા.ત. દહેજના કેસો, ડોમેસ્ટીક વાયલન્સના કેસો, મારામારીના કેસો, પતિ પત્ની ઉપર હુમલાના કેસો વિગેરે ચલાવવાની સત્તા ફેમીલી કોર્ટ પાસે નથી. ફેમીલી કોર્ટના ન્યાયાધીશને ડિસ્ટ્રીકટ જજ સમકક્ષનો દરજ્જો આપવામાં આવ્યો છે.

કોઈપણ પતિ પત્નીને ઘરની બહાર કાઢી મુકે તો તે અટકાવવા માટે મનાઈ હુકમનો આદેશ મેળવી શકે છે. આવો મનાઈ હુકમ સ્પેસીફિક રીલીફ એકટ મુજબ અને સીવીલ પ્રોસીઝર કોડ મુજબ મેળવી

**અનુસંધાન પાના નં.૬ પર**

# દરેકને ગમવું કયાં જરૂરી છે, મને ગમતાઓને હું ગમું એટલું જ બસ છે



કોઈ પ્રેમની જરા ફૂંક મારે તોય બુઝાઈ જઈએ અમે,
બાકી તો કેટલાય વાવાઝોડા અહીં હાંફી ગયા છે.

'સ્ત્રી' એટલે ઈશ્વરનું વધુ એક શ્રેષ્ઠ સર્જન ! સ્ત્રી વિષે ઘણું લખાયું છે અને અનેક રીતે એનું મૂલ્યાંકન પણ થયું છે વૂમન્સ ડે, મધર્સ ડે, ડૉટર ડે, આવા દિવસોએ તો સ્ત્રી પોતે પણ પોતાના વિષે રજૂ થતી વાતો વોટ્સએપ, ફેસબુક અને અન્ય સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ વાંચી-વાંચીને ગદ્ગદ્ થઈ જતી હશે ! વિશ્વમાં તો અનેક પ્રકારે ઉજવણી થતી જ હશે પણ આપણી આસપાસ પણ આપણે આવી ઊજવણી જોઈ છે. પણ શું આજુબાજુ રહેતી એકાદ નાની ગરીબની દીકરીને બોલાવી આવા સ્પેશિયલ દિવસે જમાડી છે ? એને મનગમતા વસ્ત્રો અપાવ્યા છે ? અરે આપણે ત્યાં કામ કરવા આવનાર બહેનને એક દિવસની રજા સામેથી આપી છે ખરી ? સ્ત્રીને સમજવી અટપટી છે એમ આપણે કહેતા હોઈએ છીએ પણ ખરેખર તો એક જ ઘરમાં રહેતી સ્ત્રીનું પુત્રી, પત્ની, સાસુ અને કામ કરવા આવનાર બહેન આ તમામ સાથેનું વર્તન એ અઘરું છે. સંવેદનશીલ કવયિત્રી એવા સુચિત્રા કપૂરની એક કવિતામાં આ બાબત કેટલી સુંદર અને વેધક રીતે રજૂ થઈ છે :

''ટૂંટિયું વાળીને એ સૂતી'તી
અંગે અંગ કળતું'તું
એથીય વધારે કળતું'તું એનું મન.
આજે, ઘર એના વગરેય ચાલી રહ્યું છે.
જો કે એને ખબર છે,
એને ફૂવડ કહેનારાં ઘર કેવું સાચવશે.
એઠાં વાસણો જયાં ત્યાં પડ્યાં હશે.
છાપાં, સ્કૂલ બેગ્ઝ, બેગ્ઝમાં ખાલી ટિફિનો,
કપડાનાં ઢગલાઓ, કોઈની ટાઈ, કોઈના સૂઝ
એનું જીવન આમાં' જ નીકળી ગયું.
બહાર ટીવીના અવાજો આવે છે.
એ ઊંઘીયે નથી શકતી
આ આજની જનરેશનને
ઘોંઘાટ સાથે આટલી દોસ્તી કેમ હશે,
આ ટીવી, મોબાઈલ, નેટકનેકશને એમને.
આખી દુનિયા સાથે તો જોડી દીધા છે પણ,
ઘરમાં કટ ઑફ થઈ ગયા છે.
મોટી દીકરી એકાદવાર પૂછીને દવા મૂકી ગઈ.
પણ, પાણી તો પાછું માંગવાનું જ.
આ ઉંમરે એણે તો બિમાર માની કેટલી સેવા કરેલી !
નાનકો આવ્યો, એની ચાદરમાં ઘૂસ્યો.
એને સારું લાગ્યું.
પણ એ જાણતી હતી, હમણાં કોઈ માગણી થશે.
થોડી વારે પતિ તૈયાર થઈ આવે છે,
'આજે આરામ કરજે.' હું બપોરે બહાર જમી લઈશ.'
એ જ વખતે આવી સાસુ ચાનું પૂછે છે.
એ જાણે છે પતિની હાજરીમાં જ એ ચાનું પૂછવા આવ્યાં છે.
બાકી એની માંદગી એમને આકરી અને કંઈક અંશે
ઢોંગ લાગી રહી છે.
એ રીસથી ના પાડે છે.
બિચારીને સૂવા દો કહી સૌ પોતપોતાના કામમાં લાગી જાય છે.
છોકરાંઓને સંતોષ છે,
એમણે માને ઉઠાડી નથી.
પતિને પ્રાઉડ છે,
એ આજે એના માટે બહાર જમી લેવાનો છે.
સાસુ રીસમાં મૂંગા છે.
થોડીવારે બહાર બધુ શાંત થઈ જાય છે.
પણ ભીતર ?
એના પેટમાં બાચકા બોલે છે
ચા વગર માથું ફાટે છે.
સૌની જરૂરિયાતો એણે સાચવી છે.
માંદગીમાં રાતદિવસ જોયા વગર ચાકરી કરી છે.
આજે એ અન્નપૂર્ણા પોતે ભૂખી છે.
એક આંસુ એની આંખથી નીકળે છે,
પણ ગાલે પહોંચતાં વરાળ બની ઊડી જાય છે.
એ બધી વેદના, સંવેદના સમેટી વધારે સંકોચાય છે.
અચાનક કામવાળી બાઈ એના રૂમમાં ધસી આવે છે.
એના પગ માથું દબાવે છે, પાણીનો પ્યાલો ધરે છે.
એને ખબર છે ભાભીને રોટલો ભાવે છે.
મસાલો નાખી, રોટલો ઘડી, ચા સાથે પ્રેમથી ખવડાવે છે.
એ એની શું સગી હતી ? કે સખી હતી ?
કે પછી કંઈ નહિ ? તો પછી...??''




સમય સાથે ઘણું બધું બદલાયું છે અને સ્ત્રીઓની પરિસ્થિતિમાં પણ ઘણા બધા ફેરફારો થયા છે. પણ છતાં આજે પણ આ બધું સમાજના અમુક જ વર્ગમાં જોવા મળે છે. આમાં જો કે સમાજ કે પુરુષનો વાંક કાઢવા કરતા જો સ્ત્રી એને જે બાબત ન ગમતી હોય કે જે કરવાથી એને તકલીફ પડે છે તેની જાણ તેણે પોતે જ બધાને કરવી રહી. સાથોસાથ ખેંચાઈને કરવી પડતી તમામ બાબતો એણે ન જ કરવી એવું પણ જાતને પ્રોમિસ કરવું પડશે. દુનિયામાં બધું જ કામ એ જ કરે છે, સહનશીલતા અને ધૈર્યની મૂર્તિ તે પોતે જ છે એમ માનવાનું તેમજ લોકોને એ બતાવ્યા કરવાનું એણે પોતે જ અને વહેલામાં વહેલી તકે બંધ કરવું પડશે. કોઈને નુકશાન કરવું કે hurt કરવું એ ચોક્કસ ન જ કરવા જેવી બાબતો છે પણ સાથોસાથ પોતાની જાતને પણ અન્યાય ન થવા દેવો તે પણ એટલું જ અગત્યનું છે.

**Last Seen :**
દરેકને ગમવું કયાં જરૂરી છે,
મને ગમતાઓને હું ગમું એટલું જ બસ છે.

*Line Courtesy : Ruchi Thanki*

**- nehalgadhavi101@gmail.com**

# કચ્છથી પંજાબ લગી ઊંટણીના દૂધના ઔષધ ભણી દોટ




પંજાબની વિધાનસભાની ચૂંટણી પૂર્વે 'ઊડતા પંજાબ'ની બોલબાલા હતી. 'ઊડતા પંજાબ' ફિલ્મમાં પંજાબી યુવકોમાં નશાખોરીનું પ્રમાણ વધ્યાની વાત પર ભાર મૂકાયો હતો. હવે પંજાબનાં બાળકોમાં વિવિધ કારણોસર 'ઑટિઝમ'ની બીમારી ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યાની ચર્ચા મીડિયા અને વૈજ્ઞાનિકોમાં થઈ રહી છે. પંજાબના માળવા વિસ્તારમાં રેડિયેશન અને ભારે મૅટલની આડઅસર થતાં બાળકોમાં ઑટિઝમનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યાના અહેવાલો મળી રહ્યા છે. બાળકોમાં આવી અસર થકી એમના માનસિક સંતુલનને બગાડવામાં આવી રહ્યું છે. આવાં બાળકો માટે ઊંટણીનું દૂધ અકસીર ઈલાજ તરીકે કામ કરતું હોવાનું બિકાનેર ખાતેના ઊંટ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકો તથા બાબા ફરીદ સૅન્ટર ફૉર સ્પેશિયલ ચિલ્ડ્રનના નિષ્ણાતો જણાવે છે.

વાત ઊંટણીના દૂધની નીકળે એટલે સ્વાભાવિક રીતે કચ્છનું સ્મરણ થાય. કચ્છમાં હમણાં ઊંટણીના દૂધની માંગ અને એની આવકમાં વધારો જોવા મળતાં સામાન્ય રીતે ઊંટની માવજતના ધંધામાં જે પરિવારો છે એમની જીવનપદ્ધતિમાં પરિવર્તન આવ્યાનું કચ્છની બાબતોના નિષ્ણાત કીર્તિ ખત્રી કહે છે. કિર્તીભાઈએ બે બાબતો ભણી અમારું ધ્યાન ખેંચ્યું. 'કેટલાક યુવકો અન્યત્ર પટાવાળાની નોકરી કરવા જતા હતા. હવે તેઓ ઊંટની માવજત કરવા ભણી વળ્યા છે. વળી, ભચાઉમાં ઊંટના માલધારીઓ થકી તાજેતરમાં જ ચેરિયા (મૅનગ્રોવ્ઝ) બચાવવા માટે આંદોલન કરવામાં આવ્યું.' સાથે જ કચ્છના જાણકાર અને મા ન્યૂઝના સંચાલક જયમલસિંહ જાડેજાએ તો નવી વાત પર પ્રકાશ ફેંક્યો: 'કચ્છના રાજવીઓ ઊંટણીના દૂધનું ઔષધ તરીકે સેવન કરતા રહ્યા હોવાથી તંદુરસ્ત રહ્યા અને દીર્ઘાયુ પણ સાબિત થયા હતા.' કચ્છના ધોરડોના સફેદ રણના હોડકોમાં ઊંટની બજાર ભરાય છે. કચ્છમાં ઊંટના દૂધમાંથી વિવિધ ઉત્પાદનો તૈયાર કરી વેચાણમાં મૂકવા માર્ગદર્શક બનવા ભણી ''સહજીવન'' જેવી કેટલીક સ્વયંસેવી સંસ્થાઓ પણ સક્રિય બની છે. આવતા દિવસોમાં ઊંટણીના દૂધનાં ઉત્પાદનો જેવાં કે આઈસ્ક્રીમ અને ચૉકલેટ ભણી લોકો દોટ મૂકશે.

- કચ્છના રાજવીઓની તંદુરસ્તી અને દીર્ઘાયુનું રહસ્ય તેમના થકી કરાતું કૅમલ-મિલ્કનું સેવન
- આવતા દિવસોમાં ઊંટણીના દૂધનાં ઉત્પાદનો જેવાં કે આઈસ્ક્રીમ અને ચૉકલેટ ભણી લોકોની દોટ
- સરહદ ડેરી અમૂલના કચ્છ પ્લાન્ટ થકી ૫૦૦ મિ.લી.ની બૉટલમાં ઊંટણીનું દૂધ વેચાણમાં મૂકશે
- ગાય-ભેંસના દૂધના લીટરના ૩૫-૪૦ રૂપિયા મળે છે, જયારે ઊંટણીના દૂધના બાવન રૂપિયા

**અમૂલના એમડી આર.એસ.સોઢી સક્રિય**

ઊંટણીના દૂધના વેચાણ માટે ગુજરાત રાજ્ય સહકારી દૂધ ઉત્પાદક સંઘોના મહાસંઘ (ફેડરેશન – અમૂલ) થકી સવિશેષ સક્રિયતા દાખવવામાં આવી છે. ફેડરેશનના મૅનેજિંગ ડિરેકટર આર. એસ. સોઢી અમૂલ દૂધની આઉટલેટ્સમાં જ ઊંટણીનું દૂધ ઉપલબ્ધ કરાવવાના પક્ષધર છે. અત્યારે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનો સેલ્સ ટર્નઓવર ધરાવતા મિલ્ક માર્કેટિંગ ફેડરેશન સાથે રાજ્યની કચ્છ સહિત ૧૮ જિલ્લાની ડેરીઓના દૂધ ઉત્પાદક સહકારી સંઘ જોડાયેલા છે. તેનાં ઉત્પાદનો 'અમૂલ' કે 'સાગર'ના બ્રાન્ડ નેઈમથી વેચાય છે. કચ્છમાં ઊંટણીના દૂધ માટે પ્લાન્ટ નાંખવામાં થોડો વિલંબ થઈ રહ્યાનું કહેતાં સોઢી ઉમેરે છે કે અત્યારે ઊંટણીનું જેટલું દૂધ ઉપલબ્ધ થાય છે એનો પાઉડર બનાવીને તેની ચૉકલેટ તો બનાવાય છે. જો કે સોઢી સ્વીકારે છે કે ઊંટણીનું દૂધ ઔષધિવર્ધક હોવાથી એ દિશામાં ફેડરેશન વધુ ધ્યાન આપવા માંગે છે. સરકારે ત્રણ કરોડ રૂપિયાની ફાળવી ઊંટણીના દૂધનો પ્લાન્ટ નાંખવાની દિશામાં સક્રિયતા આણી છે.સરહદ ડેરીના માધ્યમથી અમૂલના કચ્છ પ્લાન્ટ થકી ૫૦૦ મિ.લી.ની બૉટલમાં ઊંટણીનું દૂધ વેચાણ માટે મૂકવામાં આવશે. કચ્છમાં સહકારી ડેરી ઉપરાંત દિલ્હીની ખાનગી ડેરી પણ ઊંટણીના દૂધના એકત્રીકરણ અને ઉત્પાદનો બનાવવામાં સક્રિય બની છે.

**બિકાનેરના ઊંટ સંશોધન કેન્દ્રનું યોગદાન**

ઊંટણીના દૂધની ઈલાજમાં અસરકારકતા સાબિત થતાં બિકાનેરમાં ભારત સરકારના ઊંટ સંશોધન કેન્દ્રના નિયામક ડૉ. એન.વી. પાટીલ તો શહેરોમાં એની ઉપલબ્ધતા રહે એ માટે પ્રયત્નશીલ છે. સાથે જ ઊંટ રાખનાર પશુપાલકોમાં પણ જાગૃતિના કાર્યક્રમો યોજતા રહે છે. ઊંટણીનું દૂધ માત્ર બાળકોમાં જોવા મળતા ઑટિઝમમાં જ નહીં, મધુમેહ (ડાયાબિટિસ) જેવા રોગોના દર્દીઓ માટે પણ અકસીર સાબિત થઈ રહ્યું છે. પંજાબમાં ફરીદકોટ, ભટિંડા અને અંબાલામાં બિકાનેરથી ઊંટણીનું દૂધ મંગાવીને ઑટિસ્ટિક બાળકો પર નિષ્ણાતોના માર્ગદર્શનમાં પરીક્ષણો થઈ રહ્યાં છે. આવાં પરીક્ષણોને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. વળી સાઉદી અરેબિયામાં ઊંટણીના દૂધ પર થયેલા અભ્યાસો અન્ય દેશોમાં ઑટિઝમની અસર હેઠળનાં બાળકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યા છે. ડૉ.પાટીલ તો જણાવે છે કે ઊંટણીના દૂધનું સેવન કરનારને કાલા-આઝાર (લેસમેનિયાસીસ), ડ્રોપ્સી, કમળો (જૉન્ડિસ ),અસ્થમા,કેન્સર, લોહીના ઊંચા દબાણ (હાઈપર ટૅન્શન), કિડનીના રોગો સહિતનાં દર્દોમાં રાહત મળે છે.

**વિવિધ દેશોમાંથી બાળકોની ચિકિત્સા**

બાળકોમાં ઑટિઝમનાં લક્ષણો વિશે ખેરાળુના નિષ્ણાત તબીબ ડૉ. હર્ષદભાઈ વૈદ્ય જણાવે છે કે આવાં બાળકોને અભિવ્યક્તિમાં શબ્દો ખોવાઈ જતા હોય એવું અનુભવાય. એમનાં વર્તન પર એની અસર થાય છે. વડોદરાનાં ડૉ. હીના ગાલા ઑટિઝમ વિશે વધુ વિગત આપતાં કહે છે કે સામાન્ય રીતે બાળક બે વર્ષનું થાય ત્યારે એની અસર જોવા મળે છે. એ કોઈ સાથે હળેમળે નહીં. પોતાના આગવા વિશ્વમાં રાચે. કોઈની સાથે આંખ મિલાવે નહીં. બીજાઓનો સ્પર્શ એને પસંદ ના પડે. કોઈ બોલાવે તો પ્રતિભાવ આપે નહીં. બોલવાનું મોડેથી શીખે. બીજા બોલે એનું અનુસરણ કરવાની કોશિશ કરે. ક્યારેક હાઈપર-ઍક્ટિવ હોય. શીખવા બાબત એ મુશ્કેલી અનુભવે. આવાં કેટલાંક બાળકોનાં મા-બાપ બિકાનેરના ઊંટ સંશોધન કેન્દ્રના કાર્યક્રમોમાં ઑટિઝમના ઉપચાર માટે આવેલાં નોંધાય છે. વિદેશથી પણ આવાં બાળકોને તેમનાં મા-બાપ લઈ આવે છે. એમના પર અગાઉ ઉપચાર થયા હોવા છતાં એ સફળ રહ્યા નહીં હોવાથી ઊંટણીના દૂધના ઉપચાર પર રાખવામાં આવતાં એની સકારાત્મક અસરો જોવા મળતી હોવાનો દાવો ભારત સરકારના બિકાનેર કેન્દ્રના નિષ્ણાત વૈગ્ન્જાનિકો કરે છે. જોકે હજુ માંગના પ્રમાણમાં દૂધની ઉપલબ્ધતા નહીં હોવાથી જનજાગૃતિના પ્રયોગો હાથ ધરાઈ રહ્યા છે. લોકો ઊંટ પાળવા ભણી વળી રહ્યા છે.

**કચ્છમાં ખારાઈ ઊંટને બચાવી લેવાશે**

ઊંટ સહિતનાં જે પ્રાણીઓની જાતિ-પ્રજાતિ લુપ્ત થઈ રહી છે એમને

**અનુસંધાન પાના નં.૬ પર**